Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# આધુનિક સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં કાવ્યવિચાર : એક અભ્યાસ

**સંજયકુમાર આર. ચૌધરી**

( M.A.,M.PHIL.,GSET ) PH.D Scholar, HNGU, Patan.

***સારાંશ –***

*પ્રાચીન વૈદિક કાળથી શરૂ કરી અર્વાચીન આધુનિક કાળ સુધી સંસ્કૃત સાહિત્યની ધારા સતત પ્રવાહીત છે, પરંતુ ૧૭ મી સદી બાદ લખાયેલ સંસ્કૃત સાહિત્ય સામાન્ય રીતે લોક માનસમાં પ્રાયઃ ઉપેક્ષિત રહ્યું છે. આ સાહિત્યનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું નથી. આ સંસ્કૃત સાહિત્યના અન્ય ક્ષેત્રોની જેમ સાહિત્યશાસ્ત્રનાં ક્ષેત્રમાં પણ પંડિતરાજ જગન્નાથને અંતિમ આચાર્ય સ્વીકાર કરવામાં આવેલ અને તેમનાં પછી લખાયેલ સાહિત્યશાસ્ત્રની અવગણના કરવામાં આવેલ છે. આમ, આ ૩૦૦ વર્ષોના સમયગાળામાં લખાયેલ સાહિત્યશાસ્ત્રનાં અનેક અર્વાચીન મહત્વપૂર્ણ ગ્રંથોની નોંધ લેવામાં આવેલ નથી. જો કે આ સમયગાળા દરમિયાન મોટાભાગનાં આચાર્યશ્રીઓએ કાવ્યનાં સ્વરૂપની બાબતમાં વાગ્દેવતાવતાર આચાર્ય મમ્મટ, આચાર્ય દંડી, કવિવર વિશ્વનાથ વગેરે પૂર્વવર્તી પ્રખ્યાત આચાર્યોનાં મતનું અનુકરણ માત્ર કર્યું છે, તો કેટલાંક આચાર્યશ્રીઓએ તેમાં આંશિક ફેરફાર કરી પોતાનો મત રજૂ કર્યો છે, તો વળી અમુક આચાર્યશ્રીઓએ પોતાનો સ્વતંત્ર વિચાર પણ પ્રગટ કર્યો છે. આમ, આ સમયગાળાનાં ગ્રંથોમાં મુખ્યત્વે મૌલિકતા, સર્જનાત્મકતાનો અભાવ જોવાં મળે છે. પ્રસ્તુત સંશોધન લેખમાં આવા ૧૭ મી સદી બાદ લખાયેલ આધુનિક સંસ્કૃત સાહિત્યશાસ્ત્રનાં ગ્રંથોમાં રજૂ થયેલ કાવ્યવિચાર પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.*

***ચાવીરૂપ શબ્દો*** *– કાવ્યવિચાર, આધુનિક કાવ્યશાસ્ત્ર, કાવ્યલક્ષણ, સાહિત્યશાસ્ત્ર*

**પ્રસ્તાવના –**

પ્રાચીન આચાર્યો આચાર્ય ભરત, ભામહ, વામન, રુદ્રટ, આનંદવર્ધન, મમ્મટ, વિશ્વનાથ, જગન્નાથ વગેરેએ પોતાનાં ગ્રંથોમાં કાવ્યસ્વરૂપને વર્ણવતાં રસ, અલંકાર, રીતિ, વક્રોક્તિ, ધ્વનિ અને ઔચિત્યનો કાવ્યનાં આત્મતત્વ તરીકે સ્વીકાર કરી તદનુસાર કાવ્યલક્ષણ પ્રસ્તુત કર્યું છે.

આપણને પ્રાચીન સમયથી જ કાવ્યશાસ્ત્રમાં કાવ્યસ્વરૂપનાં પ્રતિપાદનમાં બે વિચારધારાઓ જોવા મળે છે. વ્યાસ, આચાર્ય દંડી, જયદેવ, વિશ્વનાથ અને પંડિતરાજ શબ્દને કાવ્ય તરીકે માને છે. જ્યારે આચાર્ય ભરતમુનિ, ભામહ, વામન, રુદ્રટ, આનંદવર્ધન, રાજશેખર, કુંતક, ભોજ, મમ્મટ, હેમચંદ્ર અને વાગ્ભટ વગેરે શબ્દ અને અર્થ બંનેના સંયોગને કાવ્ય તરીકે સ્વીકારે છે.

આધુનિક સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અર્થાત ઇ.સ. ૧૭ મી સદી બાદ પંડિતરાજના પરવર્તી આચાર્યો દ્વારા લખાયેલ સાહિત્ય. પંડિતરાજના પરવર્તી આચાર્ય પ્રાયઃ આચાર્ય મમ્મટના કાવ્યલક્ષણથી પ્રભાવિત જણાય છે. કેટલાંક આચાર્યોએ તો મમ્મટના કાવ્યલક્ષણને જ ગ્રહણ કર્યું છે. તો કેટલાંક આચાર્યોએ એમાં થોડા ફેરફાર સાથે તેને સ્વીકાર કર્યું છે. આ સિવાય કેટલાંક આચાર્યોએ નવીન પદરચનામાં પણ કાવ્યનું સ્વરૂપ દર્શાવ્યું છે, જે નીચે પ્રમાણે છે.

**આધુનિક સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં કાવ્યવિચાર -**

આધુનિક સાહિત્યાચાર્યોમાં સૌપ્રથમ આચાર્ય રાજચૂડામણિ દીક્ષિત પોતાનાં ‘ काव्यदर्पणः ’ ગ્રંથમાં કાવ્યનું લક્ષણ આપે છે કે,

“ काव्यं ह्यदुष्टौ सगुणो शब्दार्थो सदलंकृती। ” ૧

અહીં આચાર્ય રાજચૂડામણિ દીક્ષિત દોષ વિનાના કાવ્યને જ ઉત્તમ કાવ્ય માને છે. આ ઉપરાંત તે મમ્મટીય કાવ્યલક્ષણનાં વિશેષણ ‘ अनलंकृति पुनः क्वापि ’ ને સ્થાને ‘ सदलंकृती ’ પદનો પ્રયોગ કરે છે. આમ, તે અહીં આ બાબતમાં મમ્મટથી અલગ તરી કાવ્યમાં અલંકારને આવશ્યક અંગ માને છે. તેઓ અલંકારને રસનાં અભિવ્યંજક શબ્દ અને અર્થનાં ઉપકારક માને છે. તેથી તેમનાં મત્તે ‘ सदलंकृती ’ વિશેષણ યોગ્ય જ છે.

આચાર્ય વિશ્વનાથ દેવ ‘ साहित्यसुधासिन्धू ’ માં કાવ્યનું લક્ષણ આપતાં જણાવે છે કે,

" जायते परमानन्दो ब्रह्मानन्दसहोदरः ।

यस्य श्रवणमात्रेण तद् वाक्यं काव्यमुच्यते ।। " २

અર્થાત , જે કાવ્યનાં શ્રવણ માત્રથી બ્રહ્માનંદ સદૃશ આનંદની અનુભૂતિ થાય તેને કાવ્ય કહેવામાં આવે છે.

અહીંયા આચાર્ય કવિરાજ વિશ્વનાથની જેમ જ વાક્યને જ કાવ્ય માને છે. અહીં ' **श्रवणमात्रेण** ' પદનાં આધારે કહી શકાય કે આચાર્ય 'શબ્દ' ને જ કાવ્ય માને છે. અર્થને તે બ્રહ્માનિર્મિત કલ્પે છે. આથી કવિ રચેલ પદરચનામાં જ કાવ્યત્વ સંભવે છે. આથી શબ્દસમૂહથી નિર્મિત વાક્ય જ કાવ્ય છે, એમ તેઓ માને છે.

નરસિંહ કવિ કાવ્યનું લક્ષણ આપે છે કે,

" कविसमयानुरोधेन निबध्दौ शब्दार्थो काव्यम् । " ૩

કવિઓ દ્વારા પોતાનાં ગ્રંથોમાં વર્ણિત અલૌકિક , અશાસ્ત્રીય અને પરંપરાથી પ્રચલિત અર્થને કવિસમય કહે છે, પરંતુ કવિ નરસિંહ અહીંયા દ્રવ્ય, ગુણ, ક્રિયા વગેરેની કલ્પના સાથે વ્યંજના વ્યાપારનો પણ કવિસમયમાં સમાવેશ કર્યો છે. અહીંયા કવિ ચમત્કૃતિજન્ય શબ્દ અથવા અર્થને નહીં પણ સરસ શબ્દાર્થને જ કાવ્ય કહે છે. અહીં નરસિંહ કવિ કવિરાજ વિશ્વનાથથી પ્રભાવિત જણાઈ આવે છે.

આચાર્ય શ્રીકૃષ્ણ શર્મને ' **मन्दारमरन्दचम्पू** ' માં આચાર્ય રાજચૂડામણિ અને કવિ નરસિંહનાં કાવ્યલક્ષણનો સમન્વય કર્યો છે. તેઓનાં મતે કાવ્ય એટલે ,

" सालंकारगुणौ काव्यं शब्दार्थौ दोषवर्जितौ ।

तथा कवीनां समयानुरोधेन निबन्धितम् ।। " ૪

અહીં આચાર્યશ્રી દોષ રહિત, ગુણથી યુક્ત અને સાલંકાર શબ્દાર્થને કાવ્ય કહે છે, પરંતુ તે શબ્દાર્થ કવીસમયાનુરોધથી નિબંધ હોવો જોઈએ. અહીંયા પણ આચાર્ય અલંકારને આવશ્યક અંગ માને છે.

આચાર્ય વિદ્યારામ પણ પોતાનાં ' **रसदीर्घिका** ' માં આચાર્ય રાજચૂડામણિ દીક્ષિતનું જ કાવ્યલક્ષણ ભિન્ન શબ્દોમાં રજૂ કરે છે. તેઓનાં મતે દોષ રહિત, ગુણયુક્ત , સરસ અને સાલંકાર શબ્દાર્થ જ કાવ્ય છે.૫ અહીંયા ' **अनघ** ' અર્થાત દોષ હીનતા અને ' **गुणवत्** ' પદથી તેઓ ગુણ રસનાં વ્યંજક હોવાને કારણે રસનો પણ સમાવેશ કરે છે. આચાર્ય શબ્દાર્થને છંદ વડે ગૂંથનને સંદર્ભ કહે છે. આમ, છંદોબદ્ધ વિશિષ્ટ શબ્દાર્થને કાવ્ય કહે છે.

આચાર્ય રામદેવ ભટ્ટાચાર્ય પોતાનાં ' **काव्यविलासः** ' ગ્રંથમાં કાવ્યની ચર્ચા કરતાં સૌપ્રથમ આચાર્ય મમ્મટ , શારદાગમ વગેરે આચાર્યોનાં મત પ્રસ્તુત કરે છે. અને અંતે પોતાનો નવીન મત રજૂ કરતાં કાવ્યલક્ષણ આપે છે કે,

" अतिनवीनास्तु – विलक्षणचमत्कारकारित्वमेव काव्यत्वमामनन्ति । " ૬

આચાર્ય ભટ્ટાચાર્ય વિલક્ષણ ચમત્કાર ઉત્પન્ન કરનાર સાહિત્યને કાવ્ય માને છે. આચાર્ય ચમત્કારને કાવ્યનું મુખ્ય લક્ષણ માને છે. આચાર્યનાં મતે કાવ્યમાં વિલક્ષણ ચમત્કારની સાથે જો કાવ્યમાં દોષ હોય છતાં પણ કાવ્યની આસ્વાદતામાં અડચણરૂપ થાય પરંતુ તેથી કાવ્યનું સ્વરૂપ બદલાતું નથી. આથી આવા કાવ્યને દોષયુક્ત કહી શકાય, નહી કે અકાવ્ય. આચાર્યનાં મતે કાવ્યમાં રસાદિ વગેરે હોય પરંતુ જો વિલક્ષણ ચમત્કારનો અભાવ હોય તો સહ્રદય વાચકને કાવ્યાનંદ પ્રાપ્ત ન થાય.

અચ્યુત રાય 'મોડક' ' **साहित्यसारः** ' માં દોષ વિનાના અને ગુણયુક્ત શબ્દાર્થને કાવ્ય માને છે. જેમ કે,

" तत्र निर्दोषशब्दार्थगुणवत्वे सति स्फुटम् ।

गद्यादिबन्धरुपत्वं काव्यसामान्यलक्षणम् ।। " ૭

અહીંયા આચાર્ય કાવ્યની દોષહીનતા પર વધુ ભાર મૂકે છે. તેમનાં મતે જો કાવ્યમાં એકપણ દોષ હોય તો કાવ્ય અકાવ્ય બની જાય છે. અહીં આચાર્ય ગુણ શબ્દને સામાન્ય અર્થમાં પ્રયોજે છે, માધુર્યાદી ગુણનાં સંદર્ભમાં નહી. માધુર્યાદીને આચાર્ય ધર્મ નામ આપે છે. આચાર્યનાં મતે કાવ્યમાં ધર્મ, રસ, રીતિ, અલંકાર અને વૃત્તિ વગેરે છ ગુણ રહેલાં છે. આ ગુણોથી યુક્ત દોષરહિત શબ્દાર્થને કાવ્ય કહેવાય છે. જે સહ્રદયોને આનંદ પ્રદાન કરે છે.

બાલકૃષ્ણ ભટ્ટ શાસ્ત્રી ' काव्यप्रबन्धः ' માં પણ સાલંકાર, સગુણ, નિર્દોષ, સરસ અને ભાવથી ભાવિત વાક્યને કાવ્ય કહે છે. આચાર્ય છજ્જૂરામ શાસ્ત્રી 'વિદ્યાસાગર' પણ રમણીય શબ્દાર્થને કાવ્ય માને છે. જેમ કે,

' रम्यं शब्दार्थयुगलं काव्यमस्माभिरिष्यते । ' ૮

અહીંયા રમણીયતા અર્થાત લોકોત્તર, અલૌકિક આનંદજનકતા. જે સહૃદય વાચકોમાં લોકોત્તર આનંદ ઉત્પન્ન કરે તે શબ્દાર્થ કાવ્ય.

આચાર્ય વિદ્યાસાગરની જેમ હરિદાસ સિદ્ધાંતવાગીશ પણ મનોહારી શબ્દાર્થ યુગલને કાવ્ય તરીકે સ્વીકારે છે. આચાર્ય રેવાપ્રસાદ દ્વિવેદી દાર્શનિક પૃષ્ઠભૂમિમાં કાવ્યનું લક્ષણ આપે છે. તેમનાં મતે કાવ્ય સ્થૂળ નથી, ભાવાત્મક, જ્ઞાનાત્મક છે. આથી શબ્દમાં જ્ઞાનરૂપતાનો અભાવ હોવાથી તે કાવ્યસ્વરૂપ ન સંભવી શકે. જેવી રીતે શરીર વિના આત્મા ન રહી શકે તેવી જ રીતે શબ્દ કાવ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ તે કાવ્ય નથી. શબ્દનાં પરીવર્તન પછી પણ અર્થ ટકી રહે છે. આથી તે અલંકૃત અર્થના જ્ઞાનને જ કાવ્ય કહેવાય છે. જેમ કે,

"आनन्दकोषस्योल्लासे लोकोत्तरविभावना ।
अलंकृतार्थसंवित्तिः कविता सर्वमंगला ।। " ૯

વેદાંત દર્શનમાં જીવાત્માના આનંદને આનંદકોષ કહેવામાં આવે છે. અને આ આનંદની પ્રતીતિ કરવા માટે અલૌકિક વિભાવનથી યુક્ત અલંકૃત અર્થનું જ્ઞાન જ કાવ્ય છે. અને આ કાવ્ય સંપૂર્ણ જગત માટે કલ્યાણકારી હોય છે. અહીં આચાર્ય ગુણ, રસ, અલંકાર વગેરે બધા તત્વોનો સમાવેશ અલંકારમાં કરે છે.આ ઉપરાંત આચાર્ય કવિ કર્મની દષ્ટીએ, સહૃદય વાચકની દષ્ટીએ અને કાવ્યકર્મના આધારે એમ વિવિધ પ્રકારે કાવ્યનું લક્ષણ પણ આપે છે.

ડૉ. બ્રહ્માનંદ શર્મા પોતાનાં ' काव्यसत्यालोकः ' માં સત્યની અનુભૂતિને કાવ્યનો આત્મા માને છે. તેઓ આચાર્ય રેવાપ્રસાદ દ્વિવેદીનાં મતનું ખંડન કરતાં જણાવે છે કે શબ્દએ કાવ્યનાં અર્થબોધ કરાવવામાં આવશ્યક છે, પૃથક નથી. કાવ્યનાં આસ્વાદમાં એ વારંવાર ઉપસ્થિત જ હોય છે. આથી શબ્દએ કાવ્યથી અલગ નથી. આમ, ડૉ. બ્રહ્માનંદ શર્મા શબ્દાર્થને કાવ્ય માને છે. ડૉ. બ્રહ્માનંદ શર્મા કાવ્યનું લક્ષણ આપે છે કે,

" शब्दार्थवर्ति सत्यस्य सुन्दरं प्रतिपादनम् ।
काव्यस्य लक्षणं ज्ञेयं सत्यस्यात्र विशेषता ।। " ૧૦

અર્થાત, શબ્દાર્થમાં સત્યનાં સુંદર પ્રતિપાદનને કાવ્ય કહે છે.

અહીં ડૉ. બ્રહ્માનંદ શર્મા કાવ્યમાં ' સત્ય 'નાં રૂપે નવા તત્વનું પ્રતિપાદન કરે છે. તેઓ માને છે કે, સત્ય દરેક વ્યક્તિને પ્રિય હોય છે. અને કાવ્યમાં પણ સત્યનાં કારણે જ પ્રભાવકતા આવે છે. આથી જ કાવ્યમાં ચમત્કાર પણ ઉત્પન્ન થાય છે. તેઓ શબ્દ, અર્થ, અલંકાર, વ્યંજના, રસ, ગુણ વગેરે તત્વોનો સમાવેશ પણ આ કાવ્ય સત્ય સિદ્ધાંતમાં જ માને છે. આમ, તેઓ 'કાવ્યસત્ય' નામનાં નૂતન સિદ્ધાંતમાં માને છે. જે પાશ્ચાત્ય આલોચક અરસ્તૂથી પ્રભાવિત પ્રતીત થાય છે. અરસ્તૂ પણ સત્યતા પર જ ભાર મૂકે છે.

આ ઉપરાંત મધુસૂદન શાસ્ત્રી પણ નવ્ય ન્યાયની ભાષામાં પંડિતરાજ જગન્નાથનાં કાવ્ય લક્ષણને જ નવીન રીતે રજૂ કરતાં રામણીય અર્થની પ્રતીતિ વર્ગ સમુદાયરૂપ શ્લોકને જ કાવ્ય માને છે.

**ઉપસંહાર -**

આમ, આધુનિક સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં અર્થાત ઇ.સ. ૧૭ મી સદી બાદ રચાયેલ સાહિત્યનાં ઉપરોક્ત કાવ્યલક્ષણોના અભ્યાસનાં આધારે કહી શકાય કે, આ સમયગાળા દરમિયાન વિવિધ આચાર્યોએ સતત કાવ્યશાસ્ત્રનું પરીશીલન કર્યું છે. પરંતુ કાવ્યનાં સ્વરૂપની બાબતમાં મોટાભાગનાં આચાર્યોએ આચાર્ય દંડી, મમ્મટ, કવિરાજ વિશ્વન્નાથ અને પંડિતરાજ જગન્નાથ વગેરે પૂર્વવર્તી આચાર્યોનું જ એક યા બીજા સ્વરૂપે અનુસરણ કર્યું છે. આથી જ આધુનિક સંસ્કૃત કાવ્યશાસ્ત્રનાં આ ગ્રંથોમાં મૌલિકતાનો અભાવ જોવા મળે છે. આ ઉપરાંત ડૉ. બહમાનંદ શર્માએ 'કાવ્ય સત્ય સિદ્ધાંત' જેવો નવીન ખ્યાલ આપ્યો છે, પરંતુ તે મૂળમાં અનુસરણ જ છે. આ કારણે જ સંસ્કૃત સાહિત્યમાં આ સમયગાળામાં રચાયેલ

સાહિત્યની ઉપેક્ષા કરવામાં આવી હશે, એમ નિઃશંકપણે કહી શકાય. આમ છતાં, એટલું તો ચોક્કસ છે કે, આ આધુનિક સમયગાળામાં પણ સંસ્કૃત કાવ્યશાસ્ત્રરૂપ સરિતાની ધારા અવિરત વહેતી રહી છે.

**<u>પાદટીપ</u>**

૧. काव्यदर्पणः , પૃ.૯૦

૨. साहित्यसुधासिन्धू , પૃ.૭

૩. नञ्जराजयशोभूषणः , પૃ.૧૪

૪. मन्दारमरन्दचम्पू ,પૃ.૧૮૬

૫. यस्तु शब्दार्थसन्दर्भश्चमत्कारकरोडनधः ।
काव्यं तद् गुणवच्चान्यत्काव्याभासमुदीर्यते ।।
रसदीर्धिका , પૃ.૫૫

૬. काव्यविलासः , પૃ.૨

૭. साहित्यसारः , પૃ.૭

૮. साहित्यबिन्दु , પૃ.૪

૯. काव्यालंकारकारिका , પૃ.૫

૧૦. काव्यसत्यालोकः , પૃ.૭૨